For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ડભોઇ નજીક ગોપાલપુરા ગામ પાસે ગોઝારો અકસ્માત

# બોલેરો બાઈક સાથે ધડાકાભેર અથડાતા પોલીસ કર્મચારી સહિત ત્રણના મોત

**બે સગાભાઈ** ઘટના સ્થળે જ મોતને ભેટ્યા, પોલીસ કર્મીનું સારવાર દરમિયાન મોત



(પ્રતિનિધિ) વડોદરા તા.25

ડભોઇ, વડોદરાઃ રાજ્યમાં અવિરત હિટ એન્ડ રનની ઘટનાઓમાં સતત વધારો થઇ રહ્યો છે. અકસ્માતોની વણથંભી વણઝારનો વધુ એક લોહિયાળ બનાવ વડોદરા નજીક ડભોઇ તાલુકાના ગોપાલપુરા પાટિયા પાસે બન્યો હતો. એક બોલેરો ચાલકે ત્રણ સવારી બાઈકને અડેફેટે લેતા ધડાકાભેર ફંગોળાયેલા 3 લોકોમાથી બે સગા ભાઈઓનાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. મૃતકોમાં એક પોલીસકર્મીનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં સુરેશ નેરસિંગ રાઠવા અને હરેશ રામસિંગ રાઠવાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થઈ ગયું હતુ. જ્યારે ગંભીર રીતે ઘાયલ મુકેશ રાઠવાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટુંકી સારવાર બાદ તેનું પણ મોત નીપજ્યું હતું.

પોલીસ સુત્રો દ્વારા એવું જાણવા મળ્યુ હતુ કે ક્વાંટ ગામે લગ્નમાં હાજરી આપવા ગયેલા ત્રણ મિત્રો તેમના ગામ તરફ પરત ફરી રહ્યા હતા તે વખતે બોલેરોના ચાલકે પુર ઝડપે ટક્કર મારી હતી.

અકસ્માતમાં મોતને ભેટેલા મુકેશ રાઠવા કપુરાઇ પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતા હતા. તેઓ મૂળ તુરખેડા જિલ્લો છોટાઉદેપુરના રહેવાસી છે.જ્યારે મૃતક સુરેશ રાઠવા અને હરેશ રાઠવા છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના કનલવા ગામના રહેવાસી છે અને તેમણે તાજેતરમાં પીએસઆઈની પરીક્ષા આપી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.બોલેરો ચાલાક અકસ્માત સર્જી થયો ફરાર થઈ ગયો હતો. પોલીસે મૃતકોના મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો.સાથે જ બોલેરો ચાલકની શોધખોળ માટે તજવીજ હાથ ધરાઈ છે. હૃદય દ્રવી ઊઠે તેવા ગોઝારા અકસ્માતની ઘટના અંગે 108ની ટિમ તથા પોલીસને જાણ થતા જ પોલીસે ઘટનાસ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



### 45 દિવસમાં 50% કાર્ય પૂર્ણ; લોકોના સહયોગ અને મોરલ સપોર્ટની જરૂરિયાત

# ગૃહમંત્રી દ્વારા વિશ્વામિત્રી નદી પ્રોજેક્ટની સમીક્ષા : 100 દિવસમાં કાર્ય પૂર્ણ કરવાનું લક્ષ્ય

(પ્રતિનિધિ) વડોદરા તા.25

રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી આજે વડોદરાની મુલાકાતે છે. સવારે તેઓ રેલ માર્ગે વડોદરા આવી પહોંચ્યા હતા. ત્યાર બાદ સમા વિસ્તારમાં વિશ્વામિત્રી પ્રોજેક્ટ ની મુલાકાતે ગયા હતા. અને જિલ્લા અને શહેરના ટોચના અધિકારીઓ જોડે બેઠક યોજી હતી.

હર્ષ સંઘવીએ મીડિયાને જણાવ્યું કે, વડોદા વહીવટી તંત્ર, જિલ્લા વહીવટી તંત્ર, નગર પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તમામ જોડે આજે વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટના પર ચાલી રહેલા કામ માટે પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ને અભિનંદન આપ્યા છે. ઝડપથી અને ધાર્યા કરતા વધારે ઝડપે આ કામગીરી ચાલી રહી છે. પાલિકા સિવાયનો 24 કિમીનો વિસ્તાર સિંચાઇ વિભાગમાં કામ કરવામાં આવી રહ્યું છે. તેમાં વરસાદ પહેલા આ કામગીરી પુર્ણ કરવાની તૈયારીઓ થઇ ગઇ છે. 32 ટકા કામગીરી કરવામાં આવી છે. આવનારા 15 દિવસમાં કામના કલાકો વધારીને તેને પૂર્ણ કરવાનું પ્લાનીંગ કરાયું છે. સિંચાઇ વિભાગ દ્વારા ચેકડેમ, હયાત ચેકડેમનું રીપેરીંગ, કાંસ અને પાલિકાની પ્રિમોન્સુન કામગીરીને લઇને પ્રેઝન્ટેશન થયું છે. જેમાં સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે અધિકારીઓ જોડે ચર્ચા કરવામાં આવી છે. આ વર્ષે પ્રિમોન્સુનથી લઇને વિશ્વામિત્રી રિવાઇલનું કામ પૂર્ણ કરી શકીશું.

મને વિશ્વાસ છે કે જે રીતે તૈયારી કરી છે, અને આવનાર દિવસોનું જે પ્લાનીંગ છે. તેમાં આવનાર સમયમાં આપણે ખુબ સારી રીતે પરિણામ પ્રાપ્ત કરીશું. 45 દિવસ થયા છે, રોજ 1 ટકા કામગીરીનું ટાર્ગેટ હતું, તેનાથી આગળ ચાલી રહ્યા છે. બધા સાથે મળીને નાગરિકોના હિતમાં વિશ્વામિત્રી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. મને 100 ટકા ભરોષો છે, ટીમ વડોદરાને આમાં મોટી સફળતા મળશે.

પાલિકા કમિશનરે તરવૈયા તૈયાર કરવા માટે ગંભીરતા પૂર્વક તમામ સાથે કામ કરી રહ્યા છે. રાજ્ય સરકારે પણ કહ્યું છે કે, જે કોઇ બોટની જરૂર હોય તેને પહેલાથી જ એનડીઆરએફ, એસડીઆરએફ જે માંગશે, તે આપવામાં આવશે. સુએજના નવા પ્રોજેક્ટ માટે પ્લાનીંગ કરવામાં આવ્યા છે, અને તેની પણ ચર્ચા થઇ છે. આ પ્રોજેક્ટ પુરો થતા જ નદીની વહન ક્ષમતા મોટા પાયે વધશે, કામગીરી ઐતિસાહીક ઝડપે ચાલી રહેલ કામગીરી આજદિન સુધી આટલી ઝડપી કામગીરી કરી હોય તેવું સર્વપ્રથમ વડોદરા મહાનગર પાલિકામાં કરી રહી છે.

### સરકારે જાહેર કરેલા 1200 કરોડના ફંડ અંગે કોઈ સત્તાવાર પત્ર નથી: કોંગ્રેસ

**અગોરા,** ભીમનાથ, સમા-હરણી લિંક બ્રિજ ઉપરથી તાત્કાલિક કાર્યવાહી કરવા માગણી



(પ્રતિનિધિ) વડોદરા તા.25

પૂર્વ વિપક્ષ નેતા અમી રાવતે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને ખુલ્લો પત્ર લખીને વડોદરામાં હાલના પૂર અને નદી સંકટ મુદ્દે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તેમણે વિશ્વામિત્રી અને ભુખી નદીઓ પર દબાણ દૂર કરવાની, નદીઓના મૂળ પ્રવાહને પુનઃજીવિત કરવાની અને એન.જી.ટી.ના આદેશોને અમલમાં મુકવાની કડક માંગ ઊભી કરી છે. પત્રમાં અમીબેને કહ્યું કે, સતત પૂરથી વડોદરાના નાગરિકોને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે ત્યારે ચોક્કસ દબાણો જેમ કે અગોરા, ભીમનાથ, સમા-હરણી લિંક બ્રિજ ઉપરથી તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે ભુખી નદીના રૂટ ડાઈવર્ટને NGTના આદેશ વિરુદ્ધ ગણાવી બંધ કરવાની જરૂર છે.

તેમણે ગૃહમંત્રીએ કરેલી 100 દિવસમાં ઐતિહાસિક કામગીરીના દાવાને નકારીને કહ્યું કે, “3300 કરોડના સમગ્ર નવલાવાલા સમિતિ પ્રોજેક્ટમાંથી માત્ર નાનો ભાગ અમલમાં આવ્યો છે અને તે પણ પૂર નિવારણમાં ફક્ત 40% લાભ આપે છે.” તેઓએ ઠપકો આપ્યો કે સરકારે 1200 કરોડની જાહેર થયેલી રકમ અંગે કોઈ સત્તાવાર પત્ર આપ્યો નથી, VMCના બજેટમાં કે રાજ્યના બજેટમાં આ ફંડનો ઉલ્લેખ નથી. તેમણે અગાઉના અટલ બ્રિજના ઉદાહરણથી સરકારના ખોટા વચનોને ઉજાગર કર્યા હતા.

### NSUIનું ફેકલ્ટી હેડની ઓફિસમાં નકલી ચલણી નોટો ઉડાવી વિરોધ પ્રદર્શન

# એમ.એસ.યુનિ.ની બીબીએ ફેકલ્ટીમાં એન્ટરન્સના માર્ક્સ જાહેર કરવા માગ

**વિદ્યાર્થીઓ** અને પોલીસ વચ્ચે ઘર્ષણ,ઈ. વીસીએ મધ્યસ્થી કરતા મામલો થાળે પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

એમ.એસ.યુનિવર્સિટીની બીબીએ ફેકલ્ટીમાં એન્ટ્રેન્સ પરીક્ષાના માર્ક્સ જાહેર ન કરતા બીબીએ બિલ્ડિંગમાં એનએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યું હતો. બીબીએ ફેકલ્ટીના પરિણામ અને પ્રવેશ પ્રક્રિયામાં પારદર્શિતા માટે યુનિવર્સિટીમાં બીબીએ ફેકલ્ટીની પ્રવેશ પરીક્ષા અને પ્રવેશ પ્રક્રિયા અંગે વડોદરાના વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવી રહેલી ગંભીર ચિંતા દૂર કરવા વિદ્યાર્થી સંગઠન મેદાને આવ્યું હતું. વિદ્યાર્થી આગેવાનોએ આક્ષેપ કર્યા હતા કે, બીબીએ ફેકલ્ટીએ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ પરીક્ષામાં મેળવેલા વ્યક્તિગત માર્કસ જાહેર કરીને હંગામો કર્યો છે. પારદર્શિતાના અભાવે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોમાં અનેક શંકાઓ અને ચિંતાઓ ઊભી કરી છે અને પ્રવેશ પ્રક્રિયામાં ગેરરીતિઓ અને સંભવિત ગેરરીતિઓના આક્ષેપો વધી રહ્યા છે. પ્રવેશ પરીક્ષાના દરેક તબક્કામાં તમામ ઉમેદવારો દ્વારા મેળવેલ ગુણ વ્યક્તિગત અને જાહેરમાં જાહેર કરવામાં આવશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા યોગ્યતા અને



સમાનતાના સિદ્ધાંતોનું પાલન કરીને પારદર્શક હાથ ધરવામાં આવે તેવી આવે તેવી માંગ સાથે બીબીએ ફેકલ્ટી નો દરવાજો બંધ કરતા કાર્યકતાઓ દરવાજાને ધક્કો મારી અંદર ઘૂસી ગયા હતા. એનએસયુઆઈ ના પ્રમુખ અમર વાઘેલાની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ સુત્રોચાર સાથે બીબીએ ફેકલ્ટીના એસોસિયેટ ડાયરેક્ટર કે.આર બડોલાની ઓફિસમાં નકલી ચલણી નોટોનું બંડલ ઉડાવીને ઉગ્ર વિરોધ કર્યો હતો. દરમિયાન એનએસયુઆઈ કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. બાદમાં યુનિવર્સિટીના ઈ.વાઇસ ચાન્સેલર ડોક્ટર ધનેશ પટેલની સમજાવટ બાદ મામલો શાંત પડ્યો હતો. ઈ.વાઈસ ચાન્સેલરને રજૂઆત બાદ વિદ્યાર્થીઓને વહેલીતકે માર્ક્સ જાહેર કરવા આશ્વાસન આપ્યું હતું.

### નવનિર્મિત પોલીસ આવાસનું ગૃહ રાજ્યમંત્રી હસ્તે લોકાર્પણ



વડોદરા શહેર પોલીસ, વડોદરા ગ્રામ્ય પોલીસ, એસ.આર.પી. ગ્રુપ-૧ અને એસ.આર.પી. ગ્રુપ-૯ માં વડોદરાના વિવિધ ભૂમિપૂજન અને લોકાર્પણ કાર્યક્રમો ગૃહરાજ્ય મંત્રી અને વડોદરાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીના હસ્તે યોજાયા. આ કાર્યક્રમો વડોદરામાં પોલીસ અને સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા માટેના મહત્વપૂર્ણ પગલાંરૂપે લેવામાં આવ્યા છે. હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમો વડોદરાના વિકાસ અને સુરક્ષા ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચવા માટેનું પ્રતીક છે.

### પાણીગેટ ઝોનના વિસ્તારોમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવી

# જીયુવીએનએલની કડક કાર્યવાહી, લાખો રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ

**365** વીજ જોડાણની તપાસમાં 39માં વીજ ચોરી અને 7માં ગેરરીતિ મળી આવી



(પ્રતિનિધિ) વડોદરા,તા.25

જીયુવીએનએલ દ્વારા વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. સિટી સર્કલ હેઠળ આવતા વિશ્વામિત્ર ઈસ્ટ વિભાગીય કચેરી ના પાણીગેટ વિસ્તારોમાં વીજ ચેકીંગ કરતા 39 વીજ જોડાણમાં વીજ ચોરીના અને 7 કિસ્સામાં ગેરરીતિ ના કેસ ઝડપાયા હતા. આ તમામ કેસમાંથી અંદાજિત 42.6.લાખની વીજ ચોરી ઝડપાઈ હતી.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની ચેકિંગ સ્કવોડ દ્વારા વડોદરા શહેરના સિટી સર્કલ હેઠળ આવતા વિશ્વામિત્ર ઈસ્ટ વિભાગીય કચેરી ના પાણીગેટ વિસ્તારોમાં વ્યાપક દરોડા પાડીને વીજ ચોરી સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરોડામાં પાણીગેટ સબ ડિવિઝનના ભદ્રકચેરી, રાજારાણી તળાવ, યાકુતપુરા, શેખ ફરીદ મોહલ્લા, ઈકરા ફ્લેટ , કહાર મોહલ્લા, બાવામાનપુરા ,મદાર મોહલ્લા, અજબડીમીલ, હજરત એપાર્ટમેન્ટ જેવા વિસ્તારોમાં કુલ 356 વીજ જોડાણની તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ 39 વીજ જોડાણમાં વીજ ચોરીના અને 7 કિસ્સામાં ગેરરીતિ ના કેસ ઝડપાયા હતા. આ તમામ કેસમાંથી અંદાજિત 42.6.લાખ રૂપિયાનુ પુરવણી બીલ બનશે તેવું જાણવા મળે છે.

### સ્થાયી સમિતિ બેઠકમાં 45 .95 લાખના BRONTO SKYLIFT મરામત સહિત મહત્વપૂર્ણ દસ કામો મંજૂર

# વિવાદ વિના સ્થાયીની બેઠકમાં કરોડોના કામને મંજૂરી

**પ્રથમવાર** બેઠકમાં હાજર રહેલા કમિશનર અરુણ બાબુએ વ્યક્ત કર્યો સફાઈ અને રમતગમત અંગે વિઝન



(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૨૫ એપ્રિલે યોજાયેલ સ્થાયી સમિતિની બેઠકમાં કુલ ૧૦ કામોની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી જે તમામ કામોને સ્થાયી દ્વારા મંજૂર કરી દેવાઈ છે. આમાંથી બે કામો એવા પણ હતા જે અગાઉ મુલત્વી રાખવામાં આવ્યા હતા તેને પણ મંજૂર કરી દેવાયા છે. મહત્વનું છે કે, અગ્નિશમન અને તાત્કાલિક સેવાના BRONTO SKYLIFT વાહનની મરામત બાબતની અગાઉ મુલત્વી દરખાસ્ત પણ ફરી રજૂ કરવામાં આવી હતી જેને પણ સ્થાયી દ્વારા મંજૂર કરાઈ છે. બેઠકમાં ગટરલાઈનના કામો માટે બે મહત્વપૂર્ણ દરખાસ્તો રજૂ થઈ હતી. વહીવટી વૉર્ડ નં-૧૨ના બિલ મઢી અને ચાપડ રોડ વિસ્તારમાં નવા વરસાદી ગટર લાઈનના કામ માટે રૂ. ૭૨ લાખ કરતાં વધુના ખર્ચે ઈજારદાર “સ્નેહલ કન્સ્ટ્રક્શન”ના ભાવપત્રોને મંજૂરી આપી દેવાઈ છે. અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ દ્વારા વડોદરા શહેર માટે ત્રણ માસ માટે ૨૦૦ તાલીમબદ્ધ રેસ્ક્યુર વોલન્ટિયર્સની ભરતી કરવાની દરખાસ્ત પણ મંજૂર કરવામાં આવી છે. સાથે જ, ૪૪ મીટર ઊંચાઈ ધરાવતા BRONTO SKYLIFT મશીનના મરામત માટે અંદાજે રૂ. ૪૫.૯૫ લાખના ખર્ચ થનાર છે. અગાઉ બે વાર આ દરખાસ્ત મુલત્વી કરવામાં આવી હતી જોકે આ વખતે તેને મંજુરી આપી દેવાઈ છે. ઓડિટ વિભાગ તરફથી પોસ્ટ ઓડિટની વિગતો દરખાસ્તમા સામેલ હતી. સાથે જ, ચીફ ઓડિટર એચ.એમ. રાવને ૯ દિવસની રજા મંજૂર કરવાની ભલામણ સ્વીકારાઈ છે.

પાણી પુરવઠા શાખામાંથી રજૂ થયેલી દરખાસ્ત મુજબ પૂર્વ ઝોનના આજવા રોડ વિસ્તારમાં ૩૦૦ મીમી વ્યાસની પાણી લાઈન નાંખવાનું કામ અંદાજે રૂ. ૪૫.૪૮ લાખના ખર્ચે કરવાની દરખાસ્ત રજૂ કરાઈ હતી. આ દરખાસ્ત અગાઉ મુલત્વી રાખવામાં આવી હતી, જે હવે ફરી સમિતિ સમક્ષ રજૂ કરાતા હવે તેને મંજૂર કરી દેવાઈ છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની દરખાસ્ત મુજબ ૧૫મા નાણાંપંચ હેઠળ મળેલા રૂ. ૨૭૮.૩૦ કરોડના ફંડમાંથી કુલ ૪૨ કામોની મંજૂરી આપવાની અને તેમાં ફેરફાર કે નવા કામો ઉમેરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરને આપવાની ભલામણની દરખાસ્ત સ્થાયી દ્વારા જાણમાં લેવાઈ છે. શ્રી સયાજીબાગ ઝૂ વિભાગ દ્વારા ઝૂના પ્રાણીઓ માટે શાકભાજી અને ફળફળાદી ખરીદવા રૂ. ૭૬.૨૭ લાખના ભાવે દરખાસ્તને પણ મંજૂર કરાઈ છે. ખરીદીની પ્રક્રિયા બે વર્ષના ઈજારાના આધારે કરવામાં આવશે. સામાન્ય વહીવટ વિભાગની દરખાસ્ત અનુસાર વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોમાં પાટાવાળા પૂરા પાડવા માટે હાલના ઈજારાને ત્રણ મહિના સુધી વધારવામાં આવશે.

આજની સ્થાયી સમિતિની બેઠકમાં કમિશ્નર અરુણ બાબુ પ્રથમ વાર હાજર રહ્યા હતા. બેઠકમાં તેમણે પોતાના વિચારો સ્થાયી સમક્ષ રજૂ કર્યા હતા. જેમાં શહેરમાં સફાઈને લઈને તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાથે જ બાળકોને રમત ગમત માટે જગ્યા ફાળવણીની વાત પણ તેમના દ્વારા કરવામાં આવી હતી. તેમણે સ્થાયી સમિતિ સમક્ષ પોતાની વાત રાખી અને સાથ સહકાર આપવા માટે કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જે પણ નવા કમિશનરની નિમણૂક થતી હોય છે તે પોતાના વિઝન જાહેર કરતા હોય છે પરંતુ તેમના વિઝન પૂર્ણ થાય તે પહેલા જ અધિકારીઓની બદલી થઈ જતી હોય છે ત્યારે અરુણ મહેશ બાબુ પોતાના વિઝન પર કેટલા ખરા ઉતરે છે તે આવનાર સમયમાં જોવાનું રહશે.

### સાબરકાંઠા અને અરવલ્લીના ડૉક્ટરોને અર્શ પ્લાઝાની જગ્યા ભાડે અપાઈ હતી

# નકલી ફાયર NOC કૌભાંડ : હવે બાપોદ પોલીસ મથકમાં પણ અરજી

**રાવપુરા** અને બાપોદ પોલીસ મથક દ્વારા અલગ-અલગ તપાસના ધમધમાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં એક ચોંકાવનારુ કૌભાંડ બહાર આવ્યું છે, જેમાં નકલી ફાયર NOCના આધારે બિલ્ડિંગોને સુરક્ષા પ્રમાણપત્ર અપાતું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. અર્શ પ્લાઝા બિલ્ડિંગમાં થયેલી આગ બાદ જ્યારે બિલ્ડિંગના ઈનચાર્જ ફાયર વિભાગ પાસે ઈલેક્ટ્રિક NOC માટે ગયા ત્યારે આ નકલી NOCનું પ્રકરણ બહાર આવ્યું. તપાસ દરમિયાન વડોદરા મહાનગરપાલિકા ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસર મનોજ પાટિલના ધ્યાન પર આવ્યું કે NOC નકલી છે. તેમણે તરત જ તપાસ શરૂ કરી અને રાવપુરા પોલીસ મથકે અરજી નોંધાવી. બીજી તરફ, બાપોદ પોલીસ મથકે પણ આ મામલે એક અરજી અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. આથી, મામલો વધુ ગંભીર બની ગયો છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યું કે બિલ્ડિંગના માલિકે અરવલ્લી સાબરકાંઠાના રહેવાસી ડૉક્ટરોને જગ્યા ભાડે આપી હતી અને ફાયર NOCની જરૂર જણાતાં એક NOCનું સેમ્પલ બતાવી કહ્યું હતું કે આવી NOC આવશે અને 1 લાખ રૂપિયામાં ફાયરનું તમામ કામ થઈ જશે. આ સાથે “શિવાય ફાયર સેફ્ટી સર્વિસીસ”નું નામ પણ બહાર આવ્યું, જોકે તેમના માલિકે સ્પષ્ટતા કરી કે તેઓનો આ મામલે કઈ જાણતા નથી અને જયેશ મકવાણા નામનો વ્યક્તિ તેમની કંપનીમાં કામ કરતો નથી.

હકીકત તો એ છે કે નકલી NOCમાં ભૂતપૂર્વ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર નિકુંજ આઝાદનું નામ અને સહી હતી. તેમણે પણ પોલીસ મથકે અરજી આપી અને પોતાનું નિવેદન નોંધાવ્યું. હાલના ચીફ ઓફિસર સહિત અન્ય સંબંધિત અધિકારીઓના નિવેદન પણ લેવાયા છે. આ સમગ્ર ઘટનાથી એવું લાગી રહ્યું છે કે શહેરમાં નકલી ફાયર NOCનું મોટું રેકેટ ચાલી રહ્યું હોય તેવા સંકેત મળી રહ્યા છે. પોલીસ હવે વિગતવાર તપાસ કરી રહી છે કે જયેશ મકવાણા કોણ છે, તેની શું ભૂમિકા છે અને કેટલાં બિલ્ડિંગોમાં આવી જ નકલી NOC અપાઈ છે. જો યોગ્ય રીતે તપાસ થાય તો શહેરના સુરક્ષા ધોરણો સાથે ચેડાં કરતો મોટો કૌભાંડના ખુલાસો થવાની શક્યતા છે. હાલ રાવપુરા અને બાપોદ પોલીસ મથકો દ્વારા અલગ-અલગ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ફરી હવામાનમાં પલટો, તાપમાન 1 ડિગ્રી ઘટીને 39.4$^{0}$ નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ઉત્તર પૂર્વીય ભાગોમાં પવનની દિશા બદલાતા કેટલાક રાજ્યોના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જો કે રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતના રાજ્યોમાં હાલ પુષ્કળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. મધ્ય ગુજરાતમાં રાજકોટ ડિસા, ગાંધીનગર અમદાવાદ, અમરેલી જેવા શહેરોમાં યલો એલર્ટ આપેલું છે મધ્ય ગુજરાતમાં મહતમ તાપમાનમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે સાથે જ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ગરમ પવનો ફૂંકાશે તથા ધૂળની ડમરીઓ ઊડી શકે છે. તે જ રીતે અન્ય શહેરોમાં પણ ગરમ પવનો ફૂંકાશે. ઉત્તર પૂર્વીય ભાગોમાં આવેલા પર્વતીય વિસ્તારમાં પવનો સાથે વરસાદી ઝાપટાં જોવા મળે જેના કારણે વાતાવરણમાં થોડો બદલાવ જોવા મળી રહ્યો છે.ગુજરાતમા શુક્રવારે કેટલાક શહેરોને બાદ કરતાં અન્ય શહેરોમાં મહત્તમ તાપમાન 40ડિગ્રી થી નીચે જોવા મળ્યું હતું. રાજકોટમાં શુક્રવારે મહત્તમ તાપમાન 43.0ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન 41.7ડિગ્રી સે., ભૂજમાં 41.5ડિગ્રી સે., અમરેલીમાં 41.1ડિગ્રી સે.ગાધીનગરમા 40.8 ડિગ્રી સે., અને ડિસામા 40.5ડિગ્રી સે. સુધી નોંધાયુ હતું જ્યારે હવામાં બાકીના શહેરમાં શુક્રવારે મહત્તમ તાપમાન 40ડિગ્રી થી નીચે જોવા મળ્યું હતું. ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, ડાંગ, અમરેલી સહિત મધ્ય ગુજરાતમાં ગરમ પવનો સાથે ધૂળની ડમરીઓ ઊડી શકે છે સોમવારથી ફરી એકવાર મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળી શકે છે. વડોદરા શહેરમાં મહત્તમ તાપમાનમાં 1ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો જેના કારણે શુક્રવારે મહત્તમ તાપમાન 39.4 ડિગ્રી સેલ્સિયસ, લઘુત્તમ તાપમાન 26.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 10% યથાવત જોવા મળ્યું હતું.

### પ્રવાસ જવા નીકળેલા પિતાને મળીને પરત આવતા દુર્ઘટના સર્જાઇ

# યુવાનની કાર ઝાડ સાથે અથડાતા એક પણ ટીપું લોહી નીકળ્યા વગર કરુણ મોત

**છાતીમાં** ગંભીર ઇજાઓ થતાં યુવાને જીવ ગુમાવ્યો

**કારમાં** સવાર મૃતકની પત્ની અને ત્રણ બાળકીને પણ ઈજા પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

પાદરા નજીક સાણપુર મોંભા રોડ ઉપર પરિવારજનો સાથે પરત ફરતા ચાલકની કાર ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો કારની એરબેગ ખુલી જવા છતાં છાતીમાં સ્ટેરીંગ વાગવાના કારણે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. આંતરિક ઈજાઓના કારણે જુવાન જોધ કારચાલકનું કરુણ મોત થયું હતું.

પોલીસ સુત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર તુષાર દિનેશભાઈ પટેલ (રહેઃ આશિષ બગલો નાયરા પેટ્રોલ પંપ પાસે અટલાદરા) તેમના પત્ની પ્રિયંકાબેન મોટી પુત્રી ક્રિષ્ના નાની પુત્રી આરવી તેમજ કાકાના પુત્ર જીગ્નેશભાઈ ની પુત્રી ધાર્મિ કાર લઈને રાણપુર ખાતે રહેતા તેમના માતા-પિતાને મળવા ગયા હતા ઘરમાં નવચંડી યજ્ઞનો પવિત્ર પ્રસંગ પણ હતો અને તેમના માતા-પિતા પ્રવાસે જવાના હોવાથી પરિવાર મળવા ગયો હતો દિવસ દરમિયાન રંગે ચંગે ધાર્મિક વિધિ પતાવીને સહ પરીવાર વડોદરા આવી રહ્યો હતો ત્યારે ઘરથી અડધા કિલોમીટર નજીકના અંતરે અચાનક તુષારભાઈ એ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા તડાકાભેર કાર તોતિંગ ઝાડ સાથે અથડાઈ હતી. બનાવના પગલે વાતાવરણ કરુણ ચીસોથી ગાજી ઉઠ્યું હતું. ઝાડ સાથે અથડાવાના કારણે કારની ખુલી ગઈ હતી તેમ છતાં પણ બેરિંગ છાતીમાં વાગવાના કારણે આંતરિક ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અકસ્માતની જાણ ગણતરીનીપળો મા જ પરિવારજનોને હતા ઘટના સ્થળે દોડી ગયા હતા. તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા જેમાં તુષારભાઈ ને હૃદય તથા પાંસળીઓમાં ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે મોતને ભેટ્યા હતા પરિવારજનોએ ખેદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મરનાર તુષારભાઈ ને આખા શરીરમાંથી એક પણ ટીપું લોહી નીકળ્યું ન હતું છતાં મોત નીપજ્યું હતું. મૃતક યુવાન જીઆઈડીસીઓની કંપનીઓમાં લેબર સપ્લાયનું કામ કરીને આજીવીકા રડતો હતો. બે નાની પુત્રીઓ અને પત્નીને વિલાપ કરતા ઘરનો મોભી મોતની પછેડી ઓઢીને કાયમ માટે સૂઈ જતા પરિવારજનોમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી.